જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૨/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૮૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૬૮ વ્યક્તિઓને ઝડપી, ૨૫૩ લીટર દેશી દારૂ, ૯૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૦ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૫૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૮૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૨૮૩/૨૦૨૬**

ખોખરાઃ ચન્દ્રિકાબહેન વા/ઓ ચન્દ્રપ્રકાશ જૈન (ઉ.વ.૭૦)(રહે.શ્રીમાત સોસાયટી, દુધવાળી ચાલી પાસે, કબાડી નંબર–૩ રોડ, બહેરામપુરા દાણીલીમડા) એ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૨/૨૦૨૬ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે હાટકેશ્વર જૈન મંદીર થી ખોખરા નવ નિર્માણ ચાર રસ્તા સુધીની શટલ ઓટોરિક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રીક્ષામાં બેસેલ બે પુરુષ અને બે મહિલાઓએ ભેગામળી ચન્દ્રિકાબહેનની નજર ચુકવી તેમના ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/– ચોરી કરી લઈ ચન્દ્રિકાબહેનને રિક્ષામાંથી નીચે ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જી.ભુવા ચલાવે છે.

હેન્ડબેગ ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૨૮૪/૨૦૨૬**

માધવપુરાઃ જ્યોતિબહેન વા/ઓ મુરલીધર ચાંડક (ઉ.વ.૪૮)(રહે.તક્ષશીલા સોસાયટી, દક્ષીણી સોસાયટી પાસે, મણીનગર) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૨/૨૦૨૬ સવારના ૫/૩૦ વાગ્યાના સુમારે રીક્ષામાં બેસી માધવપુરા બારડોલપુરા ગુજરાતી શાળા નંબર–૧ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ રીક્ષા નજીક આવી, રીક્ષામાં બેસેલ જ્યોતિબહેનનુ હેન્ડ બેગ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે બેગમાં સોનાના દાગીના તથા મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧૯,૪૩,૫૦૦/– મતા હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.વાય.વ્યાસ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૨૮૫/૨૦૨૬**

અમરાઈવાડીઃ અજયસીંગ રઘુરાજસીંગ રાજપુત (ઉ.વ.૫૧)(રહે. સત્યનારાયણનગર, અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૨/૨૦૨૬ સાંજના સમયથી તા.૨૪/૦૨/૨૦૨૬ કલાક ૦૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિશોરસિંહ ગુલાબસિંહ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી